રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ (NSAP)
ના અમલીકરણ માટે રાજ્ય કક્ષાએ નોડલ
અધિકારીની નિમણૂંક કરવા બાબત.

ગુજરાત સરકાર,
ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૧૮/૨૪૨૪૭૫/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૦/૧૦/૨૦૧૮

વંચાણમાં લીધા :

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૧૬/૧૦/૨૦૧૮નો પત્ર ક્રમાંક :સસુખા/નવપ/૧૮-૧૯/૪૭૨૮

(૨) ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલયના પત્ર નં. D.O.K-11013/04/2016-NSAP (e-34018) Date: 12, Oct.2018

ઠ રા વ :-

ભારત સરકારના ગ્રામ વિકાસ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ વર્ષ-૧૯૯૫થી અમલમાં મુકેલ છે. જે અન્વયે ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના,ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વિકલાંગ પેન્શન અને રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજનાઓના આ વિભાગ દ્વારા અમલ કરવામાં આવે છે. ઈન્દીરા ગાંધી વિધવા સહાય યોજનાનું અમલીકરણ કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા અને અન્ન પુર્ણા યોજનાનું અમલીકરણ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા કરવામાં આવે છે. રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ (NSAP) ની યોજનાનો અમલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ધ્વારા કરવામાં આવે છે.

ભારત સરકાર ધ્વારા NSAP યોજનાઓના ધોરણમાં ફેરફાર કરી નવી ગાઇડ લાઇન-૨૦૧૪ બહાર પાડવામાં આવેલ છે. ગાઈડ લાઈનનાં પ્રકરણ-૬ના પેરા નં.૬.૪.૧માં જણાવ્યાં મુજબ રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમના રાજ્ય નોડલ અધિકારીની નિમણૂક કરવાની નિયામકશ્રીના ઉકત વંચાણે લીધેલ ક્રમ-૧ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમના રાજ્ય નોડલ અધિકારી તરીકે નિયામકશ્રી સમાજ સુરક્ષાને આથી જાહેર કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Desai.

( જે.વી.દેસાઇ )
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.

- માન. મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાધીનગર.
- અગ્ર સચિવશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં. ૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય.ગાંધીનગર.
- અધિક સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રી અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકો બાબતોનો વિભાગ, સચિવાલય.ગાંધીનગર.
- કમિટિના અન્ય સભ્યો. (મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં. ૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં. ૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સર્વે જિલ્લા ના કલેકટરશ્રીઓ(મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં. ૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- નાયબ સચિવશ્રી (કરકસર ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી (સ્સ.ન્યા) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉંટંટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય અમદાવાદ/રાજકોટ
- છ અને બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી,કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ- વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.